# તૌહીદ પરિચય

## ના

# ચાર બંધારણીય કાયદાઓ

શૈખુલ ઈસ્લામ મુહમ્મદ બિન અબ્દુલવહ્હાબ (રહ.)

ISLAMIC INFORMATION CENTRE - KUTCH
THE AUTHENTIC ISLAMIC LIBRARY

ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર - કચ્છ
Mo. : 8401786172 | www.iickutch.blogspot.in

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

# તૌહીદ પરિચયના ચાર બંધારણીય કાયદાઓ

શેખુલ ઈસ્લામ મુહમ્મદ બિન અબ્દુલવહ્હાબ (રહ.)

## પહેલો કાયદો

કુર્આનના અધ્યયનથી આ વાત દિવસના અજવાળા સમાન જાહેર થઈ જાય છે કે મક્કાના મુશરિકો અને અરબના વિધર્મીઓ જેમનાથી નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો સામનો થયો તેઓ આ વાત માનતા હતા કે ખાલિક (સર્જનહાર), રાઝિક (અન્નદાતા, ભરણપોષણ કરનાર) મુદબ્બિર (બધા જ કાર્યોની વ્યવસ્થા કરનાર), મારનાર, જીવન આપનાર ફકત અલ્લાહતઆલા જ છે. પરંતુ આ એકરાર કરવા છતાં અલ્લાહએ તેમને મુસલમાન ગણ્યા નહીં. કારણ શું ? તેનો એકમાત્ર કારણ એ છે કે તૌહીદે ઉલુહિય્યત (ખુદાઈ ઐશ્વર્ય) (અલ્લાહને જ ઈબાદત, બંદગીલાયક ગણવું) તેના વગર કોઈપણ વ્યકિતનો ઈમાન અને ઈસ્લામ માતબર નથી, અલ્લાહતઆલા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ને હુકમ આપે છે કે તમે આ મુશરિકોને જરા પૂછી જુઓ કે આકાશ અને ધરતીમાંથી તમને ખોરાક કોણ ઉપલબ્ધ કરે છે ? જોવા અને સાંભળવાની શકિતનો માલિક કોણ છે ? મૃતને જીવંતમાંથી અને જીવંતને મૃતમાંથી કોણ કાઢે છે ? અને સઘળા કાર્યોની વ્યવસ્થા, પ્રબંધ કોના હાથમાં છે ? તો તમે જોશો કે તેઓ બધા એક મોઢે એકરાર કરશે કે ફકત અલ્લાહ જ આવું કરી શકે. તમો તેમને કહો કે પછી કયા કારણે તમે તેનાથી ડરતા નથી. (સૂર : યૂનુસ આ.નં.૩૧) આ આયતથી જાણવા મળે છે કે અલ્લાહ ખુદ એ વાત જણાવે છે કે આ મુશરિકો માલિક (સ્વામી) અન્નદાતા (રોજી આપનાર), સર્જનહાર, પ્રબંધ કરનાર અલ્લાહને જ કહેતા હતા તેમ છતાં પણ તેમને મુશરિક (અલ્લાહ સિવાય અન્યને ભાગીદાર કરનારાઓ) કહેવામાં આવ્યું તે ફકત એટલા માટે કે તેઓ ઉપરોકત બધી જ બાબતોમાં અલ્લાહને જ માનતા હતા પરંતુ ઈબાદત અને બંદગીમાં બીજાઓને પણ ભાગીદાર ઠેરવતા હતા. જયાં સુધી તેઓ ઈબાદત અને બંદગીમાં પણ એક અલ્લાહને જ સ્થાન નહીં આપે ત્યાં સુધી તેઓ મોમિન અને મુસલમાન થઈ શકતા નથી.

## બીજો કાયદો

બીજી વાત જે કુર્આનનો અભ્યાસ કરવાથી સાબિત થાય છે અને જેના ઉપર તૌહિદ અને શિર્કનો પરિચય નિર્ભર છે તે એ છે કે મક્કાના મુશરિકો કહેતા હતા કે અમે જે વલીઓ, નેક લોકોને પોકારીએ છીએ બધા કામોમાં તેમની તરફ રજૂ થઈએ છીએ તેનાથી અમારો મકસદ તેમની ઈબાદત બંદગી નહીં બલ્કે અમે તો તેમને અમારા અને અલ્લાહની વચ્ચે ભલામણ કરનારા, નજીક કરનારા મધ્યસ્થી સમજીએ છીએ. અલ્લાહે ફરમાવ્યું, ''જે લોકોએ અલ્લાહ સિવાય અન્યોને પોતાના વલી અને મદદ કરનારા બનાવી રાખ્યા તેમનું એમ કહેવું છે કે અમે તેમની ઈબાદત નથી કરતા પરંતુ અમારો હેતુ એ છે કે આ લોકો અમને અલ્લાહથી નિકટ, નજીક કરી આપે.''

(સૂરઃ ઝુમર આ.નં.૩)

એવી જ રીતે તેઓ એમ પણ કહેતા હતા કે અમો જે વલીઓને પોકારીએ છીએ અને તેમને અમારા અને અલ્લાહ વચ્ચે માધ્યમ ગણીએ છીએ અને તેમનાથી જરૂરતો પૂરી થવાની, તકલીફો અને સંકટો દૂર થવાની અપેક્ષા રાખીએ છીએ તો તે ફકત એટલા માટે કે તેઓ અલ્લાહ પાસે અમારી ભલામણ કરી આપે. અમો તેમને અલ્લાહ નથી સમજતા ન તો ઈબાદત ને પાત્ર સમજીએ છીએ તેમજ આ અમારા કામો પણ ઈબાદતના કામો નથી ગણતા.

અલ્લાહે તેમની આ વાત કુર્આનમાં વર્ણવી છે, ''તેઓ અલ્લાહ સિવાય એવા લોકોની ઈબાદત કરે છે જેઓ તેમને નુકશાન પણ નથી પહોંચાડી શકતા અને નફો પણ નથી આપી શકતા અને તેઓ કહે છે કે આ તો અલ્લાહ પાસે અમારી ભલામણ કરનારા છે.'' (સૂર : યૂનુસ આ.નં.૧૮)

ઉપરોકત આયતમાં મુશરિકોએ અવલિયાને ભલામણ કરનારા, વચ્ચે પડનારા તરીકે ગણ્યા છે અને અલ્લાહએ આ માન્યતાને શિર્ક ઠેરવી છે. હવે જોવાનું એ છે કે શું શફાઅત (ભલામણ) ખરેખર શિર્ક છે ?

જવાબ એ છે કે શફાઅત (ભલામણ) ના બે પ્રકારો છે (૧) પ્રમાણિત શફાઅત (૨) પ્રતિબંધિત શફાઅત.

ઉપરોકત આયતમાં જે પ્રકારની શફાઅત (ભલામણ) છે તે અપ્રમાણિત શફાઅત છે જેને શિર્ક કહેવાય છે અને અપ્રમાણિત શફાઅતનો તે પ્રકાર છે જેમાં ભલામણ ઈચ્છનારો અલ્લાહ સિવાય બીજાથી એવી વસ્તુ માંગે છે જે વસ્તુ ઉપર ફકત અલ્લાહતઆલા પ્રભુત્વ ધરાવે છે. અલ્લાહનું ફરમાન છે ''હે ઈમાનવાળાઓ જે માલ અમે તમને આપ્યું છે તેમાંથી ખર્ચ કરો તે દિવસ પહેલા કે જેમાં ન તો કોઈ વેપાર કામ આવશે, ન તો કોઈ દોસ્તી, ભાઈબંધી તેમજ કોઈ ભલામણ કરનારની ભલામણ કામ આવશે.''
(સૂરઃ બકરહ, આ.નં. ૨૫૪)

આ આયતમાં જે શફાઅત (ભલામણ) ને રદ કરવામાં આવી છે તે અપ્રમાણિત શફાઅત (ભલામણ) છે.

**પ્રમાણિત શફાઅત (ભલામણ) :** પ્રમાણિત શફાઅત (ભલામણ) તે શફાઅત છે, જે ફકત અલ્લાહથી માંગવામાં આવે અને ભલામણ કરનાર અલ્લાહના દરબારમાં નિકટતમ વ્યકિત હોય તેમજ જેના હકમાં તે ભલામણ કરી રહ્યો છે તે એવો હોવો જોઈએ જેની વાણી અને વર્તનથી અલ્લાહ ખુશ હોય અને ભલામણ કરનારને ભલામણ કરવાની પરવાનગી પણ અપાઈ હોય અને અલ્લાહ કોઈ મુશરિક વિશે ભલામણની પરવાનગી આપશે નહીં. કેમ કે તે શિર્કથી ખુશ નથી. અને મુવહિહદીન (એકમાત્ર અલ્લાહની ઈબાદત કરનારાઓ) સિવાય કોઈને પણ ભલામણ કરવાની રજા મળશે નહીં. અલ્લાહનું ફરમાન છેઃ

''અલ્લાહની રજા વગર ભલામણ કરવાની હિંમત કોણ કરી શકે છે ?''
(સૂર : અલ-બકરહ આં.નં.૨૫૫)

તેમજ ફરમાવ્યું, ''ભલામણ કરનાર ફકત તેના માટે જ ભલામણ કરી શકશે જેનાથી અલ્લાહ રાજી હોય.'' (સૂરઃ અલઅમ્બિયા આ.નં.૨૮)

એક જગ્યાએ ફરમાવ્યું, ભલામણના સંપૂર્ણ અધિકારો અલ્લાહને જ પ્રાપ્ત છે. (સૂરઃ અઝઝુમર આ.નં.૪૪)

ઉપરોકત બાબતથી ચોખવટ થાય છે કે મુશરિક લોકો તેમના અવલિયા વિશે અપ્રમાણિત શફાઅતનો અકીદો રાખતા હતા તેથી જ તેમને મુશરિક કહેવામાં આવ્યું.

# ત્રીજો કાયદો

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એવા લોકો દરમ્યાન જાહેર થયા જે કોઇ એક વસ્તુની ઈબાદત નહીં બલ્કે જુદા-જુદા લોકો જુદી-જુદી વસ્તુઓની ઈબાદત કરતા હતા. કોઇ ફરિશ્તાઓની બંદગી કરતો હતો, કોઇ સાલેહીન (નેક લોકો) ની અને કોઇ ઝાડ અને પથ્થરોની ઈબાદત કરતા હતા અને અમુક લોકો ચાંદ અને સૂરજની બંદગી કરતા હતા.

પરંતુ નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ આ બધા લોકોને તૌહીદની દાવત આપી અને આ દાવતને ન સ્વીકારનારાઓ સાથે લડાઇ કરી. અલ્લાહે ફરમાવ્યું ''આ લોકો સાથે ત્યાં સુધી લડતા રહો જયાં સુધી કે (શિર્ક) નો તોફાન, ઉપદ્રવ બાકી રહે નહીં અને સંપૂર્ણ દીન (ધર્મ) અલ્લાહનો જ થઇ ન જાય.'' (સૂરઃ અન્ફાલ આ.નં.૩૮)

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ સૂર્ય અને ચંદ્રને પુજનારાઓને પણ તૌહીદની દાવત આપી. કુર્આન આ વાતની સાક્ષી આપે છે કે લોકો સૂર્ય અને ચંદ્રની પૂજા કરતા હતા. અલ્લાહે ફરમાવ્યું ''રાત્રિ અને દિવસ, ચંદ્ર અને સૂર્ય બધા જ અલ્લાહની નિશાનીઓમાંથી નિશાનીઓ છે માટે તમે ન તો સૂર્યને સજદો (નમન) કરો ન ચંદ્રને સજદો કરો બલ્કે તે અલ્લાહની સામે શિર (માથુ) ઝુકાવો (નમાવો, સજદો કરો) જેણે આ બધાનું સર્જન કર્યું છે જો તમે તેની જ (અલ્લાહની જ) ઈબાદત કરનારા હોવ.'' (સૂર : ફુસ્સિલત આ.નં.૩૭)

ફરિશ્તાઓની બંદગી કરનારાઓને પણ મુશરિક કહેવામાં આવ્યું, અલ્લાહે ફરમાવ્યું, ''આ નબી તમને કયારે પણ હુકમ નથી આપતો કે તમે ફરિશ્તાઓને તેમજ નબીઓને રબ બનાવી લો.'' તેવી જ રીતે અલ્લાહે નબીઓની પૂજા કરનારાઓને પણ મુશરિક ગણ્યાં છે. અલ્લાહે ફરમાવ્યું અને તે દિવસને યાદ કરો જે દિવસે અલ્લાહ હઝરત ઈશા બિન મરયમથી સવાલ કરશે, ''હે ઈશા ! શું તમે લોકોને એમ કહ્યું હતું કે તમે મને અને મારી માને અલ્લાહ સિવાય માઅબૂદ (પૂજય) બનાવી લો ?''

તેઓ જવાબ આપશે, ''હે અલ્લાહ તું દરેક જાતની ખોટખાપણથી સુરક્ષિત છો તેમજ કોઈપણ સહભાગીની તને જરૂર નથી. મારા માટે આ યોગ્ય નથી કે હું એવી વાત કહું જેનો મને અધિકાર નથી. જો મેં આ વાત કરી હોય તો તું જરૂર તેને જાણતો હશે. કેમ કે તું મારા બધા જ ગુપ્ત કામોને જાણે છે

અને હું તારી ગુપ્ત બાબતો વિશે કશું જ જાણતો નથી. તું જ ગુપ્ત બાબતોને વધુ જાણનાર છે.'' (સૂર : અલમાઈદહ આ.નં.૧૧૬) ઉપરોકત આયતથી ખુલાસો થાય છે કે હઝરત ઈસા અલૈહિસ્સલામ ને પણ અમુક લોકોએ માઅબૂદ (પુજય) બનાવી દીધો અને આ લોકો પણ અલ્લાહની નજરે મુશરિક થયા કેમ કે હઝરત ઈશા અલૈહિસ્સલામ અલ્લાહ તરફથી મોકલાયેલ એક નબી અને સંપૂર્ણ વલી છે અને તેમને પૂજનારાને શિર્કથી અલગ કરાયો નથી.

તેવી જ રીતે જે લોકો અવલિયા, સાલેહીન (નેક લોકો) ની બંદગી કરે છે તેમને પોકારે છે અને તેમને માધ્યમ બનાવવાના ચાહક છે તેઓ પણ શિર્કમાં સપડાયેલા છે અને આ કુર્આન બતાવે છે કે જાહિલિય્યત (અજ્ઞાનકાળ) માં લોકો સાલેહીનની પણ બંદગી કરતા હતા.

અલ્લાહનું ફરમાન છે ''આ મુશરિકો જેમને પોકારે છે તેઓ ખૂદ દરબારે ઈલાહીમાં ઈબાદતો કરી કરીને તેની નિકટતા પ્રાપ્ત કરવાના ઇચ્છુક છે. તેઓ દરેક સમયે એ શોધમાં લાગેલા રહે છે કે તેમની કઇ ઈબાદત તેમને અલ્લાહથી સમીપ કરનારી નીવડશે. તેઓ પ્રત્યેક પળે તેની રહમત (કૃપા) ના ઉમેદવાર રહે છે અને તેના અઝાબ (યાતનાઓ) થી ડરતા રહે છે.
(સૂરઃ અલ્ઈસરાઅ આ.નં.૫૭)

ઉપરોકત આયતથી ખુલાસો થાય છે કે બૂત, મૂર્તિઓ, પથ્થરોને પૂજનારા જ મુશરિક નથી બલ્કે ઔલિયા અને નેક લોકો (સૂફી-સંતો દરવેશો) ને પૂજનારા પણ મુશરિકો છે.

અજ્ઞાનકાળમાં (મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નબી તરીકે આગમન પહેલા) અમુક લોકો ઝાડ, પથ્થરોની પણ પુજા, બંદગી કરતા હતા. તેમનાથી તબર્રુક બરકત ગ્રહણ કરતા હતા. અવલિયાની કબરો ઉપર મન્નતો માનતા, કુર્બાની (બલી ચઢાવતા) કરતા અને સમસ્યાઓના નિવારણ માટે તેમની જગ્યાઓમાં એતેકાફ (તપશ્ચર્યા માટે એકાંતવાસ) કરતા. તેમની સમક્ષ બંદગી કરતા તેમના સ્થાનોની ચાદરો, પડદાઓ, ધૂળ-માટીને બરકત, પૂણ્ય, સવાબ સમજી સ્પર્શ કરતા, ચહેરા ઉપર મસળતા, અલ્લાહતઆલાએ આ બધા જ કામોને શિર્ક ઠેરવ્યા. અલ્લાહે ફરમાવ્યું, ''શું તમે 'લાત' અને 'ઉઝઝા' અને ત્રીજા 'મનાત' ને બંદગી યોગ્ય સમજો છો?
(સૂરઃ અન્નજમ આ.નં.૧૯)

'લાત' એક સફેદ રંગનો નકશીકામ કરેલો પથ્થર હતો. તેની નજીક એક પવિત્ર ઘર હતું. જે પડદાઓથી  ઢંકાયેલું રહેતું અને તેના સેવકો પણ હતા

અને તેના પટાંગણ, સહેનને કાબતુલ્લાહની જેમ મહાન અને આદરણીય સમજવામાં આવતું. 'તાઈફ' ના લોકો તેના વધુ ચાહક હતા અને તેને પોતાના માટે ગર્વ સમાન ગણતા હતા.

'ઉઝઝા' એક ઝાડ હતું જેની આસપાસ બાંધકામ કરાયેલું હતું જેની ઉપર પડદા રહેતા.

'મનાત' મનાત પણ એક પથ્થર હતો જે મક્કા અને મદીનાની વચ્ચોવચ્ચ હતો. મદીનાવાળાઓ ત્યાં એહરામ બાંધતા હતા. (એહરામ-હજમાં પહેરાતી બે સફેદ ચાદરો) હઝરત અબૂવાકિદ લૈષી (રઝિ.) ની હદીષ મજકૂર બાબતની પુષ્ટિ કરે છે. તેઓ કહે છે કે અમે લોકો નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે 'હુનૈન' તરફ નીકળ્યા. આ સમયે અમે નવા-નવા મુસલમાન થયેલા. તે સમયે મુશરિકોએ એક બોરડીને તવાફ (પરિક્રમ્મા) કરવા માટે પસંદ કરેલો તેના ઉપર હથિયારો પણ ટીંગાડતા હતા અને આ બધું બરકત મેળવવા ખાતર કરતા હતા અને તેનું નામ 'ઝાતેઅનવાત' રાખ્યું હતું. એટલામાં અમો એક બોરડીના ઝાડ પાસેથી પસાર થયા તો અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે મુશરિક લોકો પાસે જેમ એક બોરડીનું ઝાડ (ઝાતેઅન્વાત) છે તેમ અમારા માટે પણ એક ઝાતેઅન્વાત બનાવી આપો. તો નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ કહ્યું અલ્લાહુઅકબર આ તો વીતેલા લોકોના માર્ગે ચાલવા સમાન છે. તે હસ્તીની કસમ, જેના અધિકારમાં મારા પ્રાણ છે. આજે તમે પણ એવી જ વાત કરી જેવી કે મુસા અલૈહિસ્સલામ ની કોમના લોકોએ મુસા અલૈહિસ્સલામ સાથે કરેલી. તેઓએ કહ્યું હતું હે મુસા ! અમારા માટે પણ એક એવો માઅબૂદ બનાવો જેવો કે આ લોકો પાસે છે.

તો નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ કહ્યું, તમે નર્યા અજ્ઞાન લોકો છો, પછી ફરમાવ્યું આગળ જતા વીતેલી ઉમ્મતો એટલે કે યહૂદ અને નસારાના પંથે ચાલશો. (તિર્મિઝી)

જાણવા મળ્યું કે મુશરિક લોકો ઝાડ અને પથ્થરોની પૂજા કરતા હતા અને તેમના આ સંબંધને શરીઅતે શિર્કનું નામ આપેલ છે. અને આ પૂજા ફકત એટલા માટે હતી કે તેઓનું માનવું એમ હતું કે આ બોરડીને ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત છે તેના ઉપર હથિયારો લટકાવવાથી અલ્લાહ પણ રાજી થશે અને બરકત પણ હાસલ થશે અને આ જ વાતને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ માબૂદની ચાહના રાખ્યું અને તેને શિર્ક કહ્યું.

## ચોથો કાયદો

અત્યારના મુશરિકો અગાઉના મુશરિકો કરતા શિર્કમાં વધુ સખત છે તે એવી રીતે કે વીતેલા યુગના મુશરિકો ફકત નિરાંતની પળોમાં શિર્ક કરતા હતા અને મુસીબત અને તકલીફ વખતે અલ્લાહને જ પોકારતા હતા અને તેમના બનાવેલ અલ્લાહના ભાગીદારોને ભૂલી જતા હતા પરંતુ અત્યારના મુશરિકો તકલીફ અને રાહત બન્ને હાલતોમાં શિર્ક કરે છે. અગાઉના મુશરિકોની હાલત અલ્લાહે રજૂ કરેલ છે ''અને જયારે તેઓ દરિયાઇ સફર ખેડે છે અને જહાજો ઉપર સવાર થઇ જાય છે તો ફકત અલ્લાહને જ પોકારે છે અને જયારે તે તેમને હેમખેમ ધરતી ઉપર સાગરકાંઠે ઉતારી દે છે તો શિર્ક આચરવા લાગે છે.''

(સૂર : અલઅન્કબૂત આ.નં.૬૫)

તાજેતરમાં ઘણાખરા લોકો જે અવલિયા, મશાઇખ, મઝારો, દરગાહોથી જોડાયેલા છે તેઓ દુઆ અને ફરિયાદ કરતા સમયે સીધેસીધું અવલિયા અથવા કબરવાળાને પોકારે છે બલ્કે અમુક એવા પણ છે જેમ જેમ તેમની મુસીબત, હાલાકી વધતી જાય છે તેમ તેમ અલ્લાહ સિવાય અન્યોને પોકારવામાં પણ વધારો થતો જાય છે.

અલ્લાહનું ફરમાન છે, ''હે નબી ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તમે તેમને જણાવો કે જેમને તમે અલ્લાહ સિવાય પોકારો છો અગર અલ્લાહ મારી ઉપર કોઇ મુસીબત, આફત અથવા બીમારી નાખવા ઇચ્છે તો શું તમારા આ માબૂદો આ મુસીબતને દૂર કરી શકે છે અથવા તો અલ્લાહ મારી સાથે કોઇ રહેમભર્યો મામલો કરવા ઇચ્છે તો શું આ માબૂદો અલ્લાહના તે રહેમ (કૃપા) ને રોકી શકે છે ? તમે કહી દો કે અમારા માટે તો ફકત અલ્લાહ જ બસ છે અને ભરોસો કરનારાઓને તેના ઉપર જ ભરોસો કરવો જોઇએ.

(સુર : અઝ્ઝુમર આ.નં.૧૮)

એક બીજી જગ્યાએ ફરમાવ્યું ''તે કોણ છે જે લાચાર, વિવશ, વ્યાકુળ માણસની દુઆ (પોકાર) સાંભળે છે અને તેની તકલીફોને દૂર કરે છે અને તમને જમીન ઉપર રાજ આપે છે. શું અલ્લાહ સિવાય બીજો કોઇપણ માબૂદ (પૂજય) છે ? તમે ખુબ જ ઓછા પ્રમાણમાં નસયત ગ્રહણ કરો છો.''
(સુર : અન્નમલ આ.નં.૬૨)

એક જગ્યાએ કહ્યું જે લોકોને તમે અલ્લાહ સિવાય પોકારો છો તેઓ તો ખજૂરની ગોટલી ઉપરની છાલના પણ માલિક નથી. જો તમે તેમને પોકારશો તો તેઓ તમારી પોકાર સાંભળી નથી શકતા અને જો સાંભળી પણ લે તો તમને (વળતો) જવાબ નથી આપી શકતા અને તમારી ઇચ્છા (મુરાદ) પુરી પણ નથી કરી શકતા અને કયામતના દિવસે તમારા આ શિર્કનો બિલ્કુલ ઇન્કાર કરી દેશે. સંપૂર્ણ ખબર રાખનાર (અલ્લાહ) સીવાય તમને કોઇ સાચી માહિતી આપી શકતું નથી. (સુરએ ફાતિર આ.નં.૧૩-૧૪)

અલ્લાહ સીવાય અન્યોને પોકારનારાઓ ગુમરાહ હોવા બાબત ફરમાવ્યું ''તે માણસથી વધીને ગુમરાહ કોણ થઇ શકે છે, જે અલ્લાહને મૂકી આવા લોકોને પોકારે છે જે તેની પોકારનો જવાબ કયામત સુધી નથી આપી શકવાના અને તેઓ તો તેમના પોકારવાથી, દુઆ કરવાથી તદ્દન અજાણ છે અને કયામતના દિવસે જયારે સમસ્ત માનવ સમાજ એકત્રીત હશે તો આ માબૂદો તેમના દુશ્મન બની જશે અને તેમની ઇબાદતનો નનૈયો ભણી દેશે.''
(સુરઃ અલ્અહકાફ આ.નં.૫-૬)

## અપીલ

અલ્હમ્દુલીલ્લાહ, ઇસ્લામીક ઇન્ફર્મેશન સેન્ટર-ભુજની સ્થાપના ૨૦૧૨ ના વર્ષમાં થઇ હતી. તેનો હેતુ અલ્લાહના દીનથી અજાણ લોકો સુધી ઇસ્લામનો સંદેશ પહોંચાડવાનો છે. સંસ્થા દીનની દાવત માટે જે કંઇ કરી રહી છે તેની માહિતી આપ સૌ સુધી પુસ્તકોના માધ્યમથી પહોંચતી રહી છે. આપ જાણો છો કે દીની સાહિત્ય છપાવવા માટે વિશેષ આયોજન અને નાણાકીય ભંડોળની જરૂર રહે છે. આ સંદર્ભમાં આપને તન-મન અને ધનથી સંસ્થાને સહકાર આપવાની નમ્ર અપીલ કરીએ છીએ.


# ઇસ્લામિક ઇન્ફર્મેશન સેન્ટર - કચ્છ

**Mo.:8401786172 | www.iickutch.blogspot.in**